આળસ એટલે પ્રગતિનું
પૂર્ણવિરામ
- ચિત્રભાનુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૬ | ૧૭ મે, ૨૦૧૩, શુક્રવાર; વૈશાખ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દહેગામ કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર

## રોગચાળાને નિયંત્રણમાં લેવા દર્દીના સંપર્કમાં આવનારને પણ આગોતરી સારવાર હેઠળ આવરી લેવાયા : આજે વધુ ૧૩ કેસ નોંધાયા : ૨૫ કેસ ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરતુ જાહેરનામુ આજે જિલ્લા કલેક્ટર શ્રી બિપીન જે. ભટ્ટે જારી કરી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર દહેગામની નિમણુંક કરી છે. આ જાહેરનામાનો અમલ આજથી ૩ માસ માટે રહેશે.

દહેગામ શહેરમાં બે દિવસ પૂર્વે નોંધાયેલા ઝાડા-ઉલ્ટીના ૫૦ જેટલા કેસને પગલે તંત્ર બે બે દર્દીઓના નમૂના ચકાસણી માટે અમદાવાદ મોકલ્યા હતા. જ્યાંથી ગઈકાલે કોલેરા પોઝીટીવ હોવાનું જણાવતાં તંત્રએ તાબડતોબ આજે આ વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરતુ જાહેરનામુ જારી કરેલ છે.

દહેગામમાં આરોગ્યની સેવાઓ પરત્વે તંત્રના ઉદાસીન વલણની આકરી ટીકાઓ રાજકીય આગેવાનો કરી રહ્યા છે.

આજે પણ દહેગામના પૂના તલાવડી વિસ્તારમાંથી વધુ ૧૩ કેસ મળી આવતાં તંત્ર હજુ હડકંપમાંથી બહાર આવી શકેલ નથી.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ હવે પરિસ્થિતિને કાબુમાં લેવા માટે દર્દી સાથે સંપર્કમાં આવનાર વ્યક્તીને પણ આગોતરી સારવાર આપવાનો નિર્ણય કર્યો છે. અત્યાર સુધીમાં ૭૦૦ થી વધુ વ્યક્તીઓને આગોતરી સારવાર હેઠળ આવરી લેવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લા કલેક્ટરશ્રી ભટ્ટે આજે એપેડેમીક ડિસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ ૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન એક્ટ ૧૯૫૬ની કલમ ૨, ૩ અને ૪ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાઓ અંતર્ગત પૂના તલાવડી અને તેની આસપાસના ૮ કિ.મી. વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે.

તંત્ર દ્વારા દહેગામ શહેરમાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે અને અત્યાર સુધીમાં ૧૬૩૦ જેટલા મકાનોમાં સર્વેલન્સની કામગીરી પૂરી કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

તંત્રએ આજે શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી પાણીના નમુના પણ ૧૪૦ જેટલા મેળવી અને તેમાં ક્લોરીનેશન તપાસતાં ૧૫ જેટલા નમુના નાપાસ થયા હતા. આજે પુનઃ તંત્રએ સુપર ક્લોરીનેશન સાથે પેયજળનો પુરવઠો આપવા અને લીકેજીસ શોધી તાકીદે રીપેરીંગ કરવા માટે નગરપાલિકાને જણાવ્યું છે.

દહેગામ શહેરમાં ઝાડા-ઉલ્ટીના છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૭૮ કેસ નોંધાયા છે. આ પૈકી ૨૫ જેટલા દર્દીઓ ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે જ્યારે ૨૧ જેટલા દર્દીઓ દહેગામ ખાતે સારવાર હેઠળ છે. ૩૨ દર્દીઓની તબિયતમાં સુધારો જણાતાં તેમને રજા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

દહેગામ તાલુકામાં અગાઉ પણ ૨૦૧૦માં કોલેરાના કેસ નોંધાયા હતા જે ઉલ્લેખનીય છે.

દહેગામ શહેરને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કરતુ જાહેરનામુ આજે પ્રસિદ્ધ કરી દેવામાં આવતાં તંત્રે પણ તેની કામગીરીની ઝડપ વધારી દીધી છે.

આજે પણ શહેરના વિવિધ વિસ્તારોમાંથી સડેલા શાકભાજી અને ફળોનો નાશ કરવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

## ચિલોડા વિસ્તારમાં ડેન્ગ્યુના બે શંકાસ્પદ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર નજીક આવેલ ચિલોડા વિસ્તારમાં ડેન્ગ્યુના બે શંકાસ્પદ દર્દીઓ મળી આવતા તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ડેન્ગ્યુના મળી આવેલા બન્ને દર્દીઓ હાલ ખાનગી દવાખાનામાં સારવાર હેઠળ છે. જેમના પ્લેટલેટ કાઉન્ટ ઘટી જતાં તેમને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ચિલોડા પંથકમાં ડેન્ગ્યુના રોગે દેખા દેતાં જ તંત્રએ તાબડતોબ આ શંકાસ્પદ દર્દીઓના રહેઠાણના વિસ્તાર તેમજ તેની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી એન્ટી લારવેલની કામગીરી કરી દીધી છે.

ચિલોડા પંથકમાં મચ્છરોનો ઉપદ્રવ મોટા પાયે થયો હોવાની વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે. મળતી વિગતો પ્રમાણે બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. ત્રિવેદીએ ચિલોડા પંથકની મુલાકાત લીધી હતી અને તેમણે સર્વેલન્સની કામગીરીની પણ સમીક્ષા કરી હતી.

**ઉત્તમ તક**

Beauty Parlours, Health Clubs અને Gyms માટે ઉત્તમ તક

કુદરતી ઉત્પાદનો સાથે વધારો સૌંદર્ય, શારીરિક/માનસિક સ્વાસ્થ્ય અને સ્નાયુ શક્તિ

સંપર્ક : - ૮૪૬૦૫ ૮૦૩૮૬
૮૪૬૯૧ ૭૦૯૦૩







